# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સામાન્ય સભા કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઇ વેબ બેઇઝ પોર્ટલથી રવીવાર, તા.૨૧-૦૨-૨૦૨૧ના રોજ સવારના ૧૧-૦૦ કલાકના સ્થાને સવારે ૯-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એચ. એ. પંડયાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૧-૦૨-૨૦૨૧ |
|---|---|---|
| ૧. | માન. શ્રી આચાર્ય દેવવ્રત, કુલાધિપતિશ્રી | ગેરહાજર |
| ૨. | પ્રો. હિમાંશુ એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૩. | ડો. જગદીશ બી. ભાવસાર | હાજર |
| ૪. | ડો. એમ. એન. પટેલ | ગેરહાજર |
| ૫. | ડો. પિયુષ એમ. પટેલ | હાજર |
| ૬. | ડો. યોગેશભાઇ પારેખ | હાજર |
| ૭. | કમિશ્નર ઓફ હાયર એજયુકેશન | ગેરહાજર |
| ૮. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૯. | કમિશ્નર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ | ગેરહાજર |
| ૧૦. | ડાયરેકટર ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઇનીંગ | ગેરહાજર |
| ૧૧. | કમિશ્નર ઓફ ફૂડ એન્ડડ્રગ્સકન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન | ગેરહાજર |
| ૧૨. | ચેરમેનશ્રી, ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ | ગેરહાજર |
| ૧૩. | શ્રી ઇમરાન યુ. ખેડાવાલા | ગેરહાજર |
| ૧૪. | શ્રી પ્રદિપકે. પરમાર | ગેરહાજર |
| ૧૫. | શ્રી દેવાંગ જીતેન્દ્રભાઇ દાણી | ગેરહાજર |
| ૧૬. | શ્રી યોગેશ ડી. શ્રીધર | હાજર |
| ૧૭. | શ્રી પંકજકુમાર ગીરીજાપ્રસાદ ઠાકર | ગેરહાજર |
| ૧૮. | શ્રી ધર્મેશકુમાર હીરાલાલ રાવ | ગેરહાજર |
| ૧૯. | શ્રી વિશાલ પ્રવિણભાઇ પટેલ | ગેરહાજર |
| ૨૦. | શ્રી સતીષકુમાર નટવરલાલ પટેલ | ગેરહાજર |
| ૨૧. | શ્રી પંકજકુમાર રમેશકાંત શુકલા | હાજર |
| ૨૨. | શ્રી મહેશ બાબુલાલ પટેલ | હાજર |
| ૨૩. | શ્રી અશોકભાઇ કલ્યાણભાઇ વનાલીયા | હાજર |
| ૨૪. | શ્રી હસમુખ દેવજીભાઇ ચૌધરી | ગેરહાજર |
| ૨૫. | શ્રી બંકીમચંદ્ર જેકીશનદાસ મિસ્ત્રી | હાજર |
| ૨૬. | શ્રી દિપેન કે. દવે | હાજર |
| ૨૭. | ડો. મનીષ એમ. દોશી | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ૨૮. | શ્રી દેવાંગભાઇ સુધીરભાઇ નાણાવટી | ગેરહાજર |
| ૨૯. | શ્રી રિતેષ કમલકિશોર હાડા | ગેરહાજર |
| ૩૦. | શ્રી બળદેવભાઇ જોઇતાભાઇ ચૌધરી | હાજર |
| ૩૧. | શ્રી નિલેશ પી. સથવારા | હાજર |
| ૩૨. | શ્રી રામભાઇ એ. ગાધે | ગેરહાજર |
| ૩૩. | શ્રી મુકેશ હરિપ્રસાદ ખટીક | હાજર |
| ૩૪. | શ્રી શિલ્પા એન. ઠાકર | ગેરહાજર |
| ૩૫. | શ્રીમતી સોનલ આર. પંડયા | ગેરહાજર |
| ૩૬. | શ્રી ઇશ્વરભાઇ એન. ગામીત | હાજર |
| ૩૭. | શ્રી પ્રતાપસિંગ રતીલાલભાઇ પડવી | ગેરહાજર |
| ૩૮. | શ્રી પંકજ એમ. શ્રીમાળી | હાજર |
| ૩૯. | ડો. દિગ્વિજયસિંહ જી. ગોહિલ | ગેરહાજર |
| ૪૦. | શ્રી રમેશભાઇ જોઇતારામ ચૌધરી | હાજર |
| ૪૧. | શ્રી રણજીતસિંહ જોરૂભા ઝાલા | ગેરહાજર |
| ૪૨. | શ્રી હર્ષદ મગનલાલ બ્રહમભટ્ટ | હાજર |
| ૪૩. | શ્રી હર્ષદકુમાર એ. પટેલ | ગેરહાજર |
| ૪૪. | ડો. ધવલ આર. પટેલ | ગેરહાજર |
| ૪૫. | શ્રી અવિનાશ જસવંતલાલ શાહ | ગેરહાજર |
| ૪૬. | શ્રી રાજેશ પી. સથવારા | હાજર |
| ૪૭. | શ્રી ગીરીશ કનુભાઇ રાણા | હાજર |
| ૪૮. | શ્રી રાજેન્દ્ર મગનલાલ જાદવ | ગેરહાજર |
| ૪૯. | શ્રી લક્ષ્મણભાઇકે. પરમાર | ગેરહાજર |
| ૫૦. | શ્રી મહેશકુમાર સી. પટેલ | ગેરહાજર |
| ૫૧. | શ્રી ધવલ કનૈયાલાલ વાઘેલા | ગેરહાજર |
| ૫૨. | શ્રી નિતલ રમેશચંદ્ર પંચાલ | ગેરહાજર |
| ૫૩. | શ્રી વિજયસિંહ બી. પઢેરીયા | હાજર |
| ૫૪. | શ્રી કૌશિકકુમાર ચીમનલાલ રાવલ | હાજર |
| ૫૫. | શ્રી હિરેન બાબુભાઇ પટેલ | હાજર |
| ૫૬. | શ્રીમતી ડો. મયુરી હિમાંશુ પંડયા | હાજર |
| ૫૭. | શ્રી હરેશ પી. ભાલોડિયા | ગેરહાજર |
| ૫૮. | શ્રી દેવલ એમ. દેસાઇ | હાજર |
| ૫૯. | શ્રી વિપુલકુમાર નાનજીભાઇ સોલંકી | હાજર |
| ૬૦. | શ્રી નિતીનકુમાર ડાહયાભાઇ શાહ | ગેરહાજર |
| ૬૧. | શ્રી જીગ્નેશ એમ. કૌંગલ | હાજર |
| ૬૨. | શ્રી પ્રકાશ બી. ખુમાન | ગેરહાજર |
| ૬૩. | શ્રી દેવદત્ત રામસિંગ રાણા | ગેરહાજર |
| ૬૪. | શ્રી જસવંતભાઇ હરીભાઇ ઠકકર | હાજર |
| ૬૫. | શ્રી અશ્વિનકુમાર જસવંતલાલ પટેલ | ગેરહાજર |
| ૬૬. | શ્રી મનુભાઇ બી. ભરવાડ | ગેરહાજર |
| ૬૭. | ડો. અર્થ કે. પટેલ | હાજર |

| | | |
|---|---|---|
| ૬૮. | શ્રી જયવંતસિંહ અંકુભાઇ સરવૈયા | ગેરહાજર |
| ૬૯. | શ્રીમતી ગીતા પ્રાણલાલ મહેતા | ગેરહાજર |
| ૭૦. | શ્રી હિતેશકુમાર રમેશચંદ્ર ભટ્ટ | ગેરહાજર |
| ૭૧. | શ્રી સ્ટારપાયલ નટરાજન ઐયર | હાજર |
| ૭૨. | શ્રી સંગીતા પુષ્કર ઘાટે | ગેરહાજર |
| ૭૩. | શ્રી નિરજા અરૂણ ગુપ્તા | હાજર |
| ૭૪. | શ્રી મહિપતસિંહ દાનસિંહ ચાવડા | ગેરહાજર |
| ૭૫. | શ્રી જગદીશભાઇ એસ. ચૌધરી | હાજર |
| ૭૬. | શ્રી આશા સનતકુમાર પંડીત | ગેરહાજર |
| ૭૭. | શ્રી હરેશકુમાર ભુપતભાઇ વાઢેલ | હાજર |
| ૭૮. | શ્રી કિરણચંદ્રકાન્ત દેશમુખ | હાજર |
| ૭૯. | શ્રી ભાનુકુમાર ખુમજી જૈન | ગેરહાજર |
| ૮૦. | શ્રી રૂતેશ રમણીકલાલ શાહ | હાજર |
| ૮૧. | શ્રી લક્ષ્મીકાન્ત એસ. પાઠક | ગેરહાજર |
| ૮૨. | ડો. રૂષિકેશ વી. મહેતા | હાજર |
| ૮૩. | શ્રી દિલીપકુમાર અમૃતલાલ મેવાડા | હાજર |
| ૮૪. | શ્રી સંજય એમ. વકીલ | હાજર |
| ૮૫. | શ્રી સુરેશચંદ્ર કાન્તિલાલ ત્રિવેદી | ગેરહાજર |
| ૮૬. | શ્રી મહેન્દ્ર જી. ભટ્ટ | ગેરહાજર |
| ૮૭. | શ્રી હરજીતસિંઘ દર્શનસિંઘ શીખ | ગેરહાજર |
| ૮૮. | શ્રી શંકરસિંહ રામસિંહ રાણા | ગેરહાજર |
| ૮૯. | શ્રી ડોલી પંકજ પટેલ | હાજર |
| ૯૦. | શ્રી પંકજ ચંદુભાઇ પટેલ | હાજર |
| ૯૧. | શ્રી ઇન્દ્રવિજયસિંહ જી. ગોહિલ | ગેરહાજર |
| ૯૨. | શ્રી જોશ જહોન | ગેરહાજર |
| ૯૩. | ડો. પી.એન. ગજ્જર | હાજર |
| ૯૪. | ડો. જે. એસ. જોષી | હાજર |
| ૯૫. | ડો. ડી. ડી. ઝાલા | ગેરહાજર |
| ૯૬. | શ્રી ધવલસિંહ એન. ઝાલા | ગેરહાજર |
| ૯૭. | ડો. વનરાજસિંહ કે. ચાવડા | હાજર |
| ૯૮. | શ્રી જય દેસાઇ | હાજર |
| ૯૯. | શ્રી ધ્રુમિલભાઇ ડી. પટેલ | ગેરહાજર |
| ૧૦૦. | શ્રી મહેશભાઇ એલ. કસવાલા | ગેરહાજર |
| ૧૦૧. | શ્રી કૌશિકભાઇ જૈન | ગેરહાજર |
| ૧૦૨. | ડો. શિવાની એસ. રાજપૂરોહિત | ગેરહાજર |
| ૧૦૩. | શ્રી ધીરજ એચ. રાઠોડ | ગેરહાજર |
| ૧૦૪. | ડો. રશ્મિકાન્ત વી. દવે | હાજર |
| ૧૦૫. | શ્રી નરેશ દેસાઇ | ગેરહાજર |
| ૧૦૬. | શ્રી ચિરાગ પટેલ | હાજર |

સભાની શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી નીચેનો શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો:

ગુજરાત યુનિવર્સિટીકોર્ટ (સેનેટ)ની આ સભા પ્રવર્તમાન કોવિડ-૧૯ પરિસ્થિતિમાં જાણતા-અજાણતા માનવજાતને જે નુકસાન થયેલ છે તે પ્રત્યે ઉંડા શોકની લાગણી અનુભવે છે અને પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગત દિવંગત આત્માઓને શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શકિત અર્પે તેવી પ્રાર્થના સાથે શ્રધ્ધાંજલિ અર્પે છે.

ઉપરનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહે ઉભા થઇને એક મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પી પસાર કર્યો.

ત્યારબાદ કામકાજની યાદી પરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી :

૧: (૧) તા.૩૦/૩/૨૦૨૦ના રોજની યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ઠરાવ : **તા.૩૦/૩/૨૦૨૦ના રોજની યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ સર્વાનુમતે મંજુર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.**

બા.ક્ર(૧)(અ) સેનેટ સભ્યો દ્વારા પ્રશ્ન-૧ થી પ્રશ્ન-૧૮૬ પ્રશ્નો પૂછવાની નોટિસ આપેલ હતી, જે વંચાણે લેવામાં આવી.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે સેનેટ સભ્યશ્રીઓએ મંજુર કરેલ પ્રશ્ન-૧ થી ૧૮૬ સુધીના કાર્યોની નોંધ લઇ મંજુર કરવામાં આવી.**

બા.ક્ર.(૨): ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા.૩૧મી માર્ચ,૨૦૨૦ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૭૦માં વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.

એકિઝકયુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ.**મહેશભાઇ પટેલે** નોટીસ આપી છે.

ઠરાવ : **"તા.૩૧ માર્ચ,૨૦૨૦ના રોજ પુરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના ૭૦મા વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી નોંધ લે છે.**

**સદરહુ પ્રસ્તાવ ડૉ.મહેશભાઇ પટેલે રજુ કર્યો, તેને ડો. જે. એસ. જોષીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, સભાના સર્વે સભ્યશ્રીઓએ અનુમોદન આપી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.**

બા.ક્ર.૩: **૨૦૧૯-૨૦૨૦ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો** અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલ પર વિચારણા કરવા બાબત.

એકિઝકયુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂકરવાની ડૉ.**રૂતેષભાઇ શાહે** નોટીસ આપી છે:

"આ સભા સને ૨૦૧૯-૨૦૨૦ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલની નોંધ લે છે."

ઠરાવ : **સદરહુ પ્રસ્તાવ ડૉ.રૂતેષભાઇ શાહે રજૂ કર્યો, તેને ડો. પી.એન.ગજ્જરે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, સભાના સર્વે સભ્યશ્રીઓએ અનુમોદન આપી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.**

બા.ક્ર.૪: **ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે.૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૨૦૨૧-૨૦૨૨ના અંદાજપત્ર તથા સને ૨૦૨૦-૨૦૨૧ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.**

એકિઝકયુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજુ કરવાની ડૉ. **જસવંતભાઇ ઠક્કરે** નોટીસ આપી છે.

" ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એકિઝકયુટીવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૨૦૨૧-૨૦૨૨ના અંદાજપત્ર તથા સને ૨૦૨૦-૨૦૨૧ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

ઠરાવ : **સદરહુ પ્રસ્તાવ ડૉ. જસવંતભાઇ ઠક્કરે રજુ કર્યો, તેને ડૉ.જય દેસાઇએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, સભાના સર્વે સભ્યશ્રીઓએ અનુમોદન આપી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.**

બા.ક્ર.૫: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ તથા ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન મળેલ તમામ એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની મીનીટસ મંજૂરી અર્થે
(નોંધ: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન મળેલ તમામ એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની મીનીટસwww.gujaratuniversity.ac.inપર મુકેલ છે).

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છેકે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ તથા ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન મળેલ તમામ એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની મીનીટસ સર્વાનુમતે મંજુર કરવાનું રાખવું.**

સભાને અંતે માન.કુલપતિશ્રીએ ઉદ્દ્બોધન આપતાં ગુજરાત યુનિવર્સિટીને બીજા રાજયો તથા વિદેશની ધરતી પર, ઓપ્શનલ કેમ્પસ તથા સેન્ટર ખોલવા બાબતે વિચાર રજૂ કરેલ હતો. તેમણે ધોલેરા ખાતે અન્ય વિદેશી યુનિવર્સિટીઓ આવી શકતી હોય તો આપણી યુનિવર્સિટી અન્ય કેમ્પસમાં કેમ ન લઇ જવી, જેથી આપણા વિદ્યાર્થીઓને અન્ય કેમ્પસમાંથી પણ રીસર્ચ તથા અભ્યાસ માટે વધુમાં વધુ લાભ મળી શકે. આ અંગે તેમણે વિસ્તૃત ચર્ચા કરી પોતાના વિચારો રજૂ કર્યા અને તેના અમલીકરણ માટે એક હાઇપાવર કમિટીની રચના કરવાનું સુચન કરેલ હતું.

૬. પ્રો. ડો. આર.પી.સથવારા, સેનેટ મેમ્બરે નીચેના પ્રસ્તાવો રજૂ કરવાની નોટિસ આપી છે :

(૧) ગુજરાત યુનિવર્સિટીને GSIRF-2020 માં 1st Rank State University નો દરજજો મળયો તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે, આ માટે ચાન્સેલરશ્રી, શિક્ષણમંત્રીશ્રી, શિક્ષણ વિભાગ, વાઇસ-ચાન્સેલરશ્રી, પ્રો-વાઇસ ચાન્સેલરશ્રી, સત્તામંડળના સભ્યશ્રીઓ તથા યુનિવર્સિટીને આ દિશામાં લઇ જવા માટે કાર્ય કરતા સર્વેનો કોર્ટની આ સભા વિશેષ આભાર પ્રસ્તાવ રજુ કરે તેવી ભલામણ કરૂ છું.

(૨) યુનિવર્સિટી ધ્વારા મોટા ભાગની ફેકલ્ટીમાં અપાતા એડમીશનની પ્રક્રિયા ખુબ જ ઓછા સમયમાં પૂર્ણ થાય તેવું આયોજન કરવા આ સભા સમક્ષ પ્રસ્તાવ મુકું છું.

**ઠરાવ : (૧)** ગુજરાત યુનિવર્સિટીને GSIRF-2020 માં 1st Rank State University નો દરજજો મળયો તે નિ:શંક પણે યુનિવર્સિટી માટે ગૌરવ અને પ્રતિષ્ઠામાં વધારો કરતી પ્રસંશનીય બાબત છે અને તે બદલ યોગદાન આપનાર સૌકોઇનો આ સભા આભાર માને છે અને ભવિષ્યમાં પણ યુનિવર્સિટીની

ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે પોતાનું યોગદાન આપતા રહેશે તેવી લાગણી સાથે ઉપરોક્ત પ્રસ્તાવ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

(૨) એડમીશનની પ્રક્રિયા ખુબજ ઓછા સમયમાં પૂર્ણ થાય તેવું આયોજન કરવાના પ્રસ્તાવની સુચન તરીકે નોંધ લેવામાં આવી.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા :

(૧) NAAC, NEP-2020 નાં સંદર્ભે Act, Statutes & Ordinances માં જરૂરી સુધારા કરવા અંગે સમિતિનું ગઠન કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૨) યુનિવર્સિટી કક્ષાએ કરવાનાં થતાં R & D, Extention, Collaborations ની કામગીરી નક્કી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૩) રાજય સરકારશ્રી, કેન્દ્ર સરકારશ્રી અને વિવિધ સત્તામંડળોનાં લાગુ પડતા પ્રાવધાનો અને નિયમોના વખતોવખત અમલવારી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૪) વિધ્યાર્થીલક્ષી/વ્યવસ્થાલક્ષી સુધારા માટે સમિતિનું ગઠન કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

આદર્શ આચાર-સંહિતાના ભાગરૂપે સભાનું કામકાજ સભાની અનુમતીથી પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

ડો. પી. એમ. પટેલ
કુલસચિવ

નં.કોર્ટ/ ૫૫ ૬૪૨/૨૦૨૨
ગુજરાત યુનિવર્સિટીકાર્યાલય
અમદાવાદ-૯ તા.૧૧/૨/૨૦૨૨